પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-08-2024** **Morning : 7.45 to 7.55**
**Day : Monday** **National News**

***************************************************

- ✓ કોલકાતા દુષ્કર્મ અને હત્યા કેસ મામલે સર્વોચ્ચ અદાલત આવતીકાલે સુનાવણી કરશે
- ✓ મંકીપૉક્સ વાઇરસના સંક્રમણને જોતા કેન્દ્ર સરકારનો રાજ્યોને કેસોની ત્વરિત તપાસ માટે અસરકારક પગલાં લેવા નિર્દેશ
- ✓ વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકર આજે નેપાળના વિદેશમંત્રી અરજૂ રાણા દેઉબા સાથે દ્વીપક્ષીય બેઠક કરશે
- ✓ હવામાન વિભાગે દેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદને જોતા ઑરેન્જ અલર્ટ જાહેર કર્યું
  અમરનાથ યાત્રાની શ્રદ્ધાપૂર્વક પૂર્ણાહૂતિ, અંદાજે 5 લાખ શ્રદ્ધાળુઓએ આ વર્ષે કર્યા પવિત્ર ગુફાના દર્શન
- ✓ અને દેશભરમાં આજે રક્ષબંધનના પર્વની ઉલ્લાસભેર ઉજવણી.

***************************************************

**CENTRE - MPOX REVIEW**

મંકીપૉક્સ વાઇરસ સંક્રમણની ભીતિને જોતા પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડૉ. પી. કે. મિશ્રાએ ગઈકાલે દિલ્હી ખાતે સમીક્ષા બેઠક કરી હતી. આ બેઠકમાં મંકીપૉક્સ વાઇરસને લઈને તૈયારીઓ તેમજ આગોતરા પગલાંઓ વિશે ચર્ચા કરવામાં આવી. તેમણે જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સ્થિતિનું નિરીક્ષણ કરી રહ્યા છે. બેઠક દરમિયાન શ્રી મિશ્રાએ રાજ્યોને દેખરેખ વધારવા અને કેસોની ત્વરિત તપાસ માટે અસરકારક પગલાં લેવા નિર્દેશ આપ્યા છે.

વધુમાં તેમણે લેબોરેટરીઓનું નેટવર્ક વહેલી તકે નિદાન માટે સજ્જ હોવું જોઈએ તે વાત પર ભાર મૂક્યો હતો. હાલમાં દેશની 32 જેટલી લેબોરેટરી મંકીપૉક્સ વાઇરસના પરીક્ષણ માટે સજ્જ છે. ડૉ. મિશ્રાએ જણાવ્યું કે સંક્રમણને પ્રસરતું અટકાવવા માટે સારવારના નિયમોનો મોટાપાયે પ્રસાર થવો જોઈએ. વધુમાં તેમણે આરોગ્ય સેવા પ્રદાતાઓમાં રોગના ચિહ્નો અને લક્ષણો તેમજ નિરીક્ષણ વ્યવસ્થાને મજબૂત બનાવવાની વાત કરી.

બેઠક દરમિયાન કેહવાયું કે દેશમાં અત્યાર સુધી મંકીપૉક્સનો એક પણ કેસ નોંધાયો નથી. મંકીપૉક્સ સંક્રમિત દર્દી સાથે લાંબો સમય સંપર્કમાં રહેવાથી 2થી 4 અઠવાડિયામાં વાઇરસનો ચેપ લાગવાનો ભય રહે છે. જોકે સારવારથી મંકીપૉક્સની બિમારીથી ઉગરી શકાય છે. ઉલ્લેખનીય છે કે વિશ્વ આરોગ્ય સંસ્થાએ આફ્રિકાના દેશોમાં મંકીપૉક્સ વાઇરસના સંક્રમણને જોતા વૈશ્વિક આરોગ્ય કટોકટીની જાહેરાત કરી છે.

2022ના અંત સુધીમાં વિશ્વના 116 દેશોમાં મંકીપૉક્સના 99 હજાર જેટલા કેસ નોંધાઈ ચૂક્યા છે, જ્યારે 208 દર્દીઓના મોત થઈ ચૂક્યા છે.

**SC-KOLKATADOC CASE**

સર્વોચ્ચ અદાલતે કોલકાતાની આર.જી. કર મેડિકલ કૉલેજમાં મહિલા તબીબ સાથે દુષ્કર્મ અને હત્યાના કેસમાં નોંધ લીધી છે. સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય. ચંદ્રચૂડ, ન્યાયાધીશ જે.બી. પારડીવાલા અને ન્યાયાધીશ મનોજ મિશ્રા આવતીકાલે આ કેસની સુનાવણી કરશે. આ મહિનાની શરૂઆતમાં કોલકાતાની આર. જી. કર હૉસ્પિટલમાં મહિલા તબીબ સાથે દુષ્કર્મ આચરીને હત્યા કરી દેવાઈ હતી.

આ ઘટના બાદ કોલકાતા પોલીસે એક સ્વયંસેવકની ધરપકડ કરી છે. ઘટનાને પગલે દેશભરમાં વિરોધ પ્રદર્શનો યોજાઈ રહ્યા છે. વિવિધ તબીબી સંગઠનો આ મામલે હડતાળ પર ઉતર્યા છે. કોલકાતા વડી અદાલતે આ કેસ સીબીઆઈને સોંપ્યો છે.

**NEPAL FOREIGN MINISTER**

નેપાળના વિદેશ મંત્રી ડૉ. અરજૂ રાણા દેઉબા પાંચ દિવસના ભારત પ્રવાસે, છે. આ યાત્રા દરમિયાન તેઓ વિદેશમંત્રી ડૉ. એસ જયશંકર સાથે દ્વીપક્ષીય મુદ્દાઓ અંગે વાટાઘાટો કરશે. વિદેશ મંત્રાલયે એક અખબાર યાદીમાં જણાવ્યું છે કે ડૉ. દેઉબાની આ ભારત યાત્રા બંને દેશો વચ્ચે પરંપરાગત નિયમિત ઉચ્ચસ્તરીય વાટાઘાટોનો ભાગ છે.

વધુમાં મંત્રાલયે જણાવ્યું છે કે ભારતની પાડોશી પ્રથમ નીતિમાં નેપાળ પ્રાથમિક ભાગીદાર છે. આ મુલાકાત બંને દેશો વચ્ચે દ્વીપક્ષીય સહકારની પ્રગતિની સમીક્ષાની તક ઉભી કરશે. આ ઉપરાંત તેનાથી બંને દેશો વચ્ચેના સંબંધો સુદૃઢ કરવામાં મદદ મળશે..

**IMD - ORANGE ALERT**

હવામાન વિભાગે પશ્ચિમ બંગાળ, નાગાલેન્ડ, મણીપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ભારે વરસાદને જોતા ઓરેન્જ અલર્ટ જાહેર કર્યું છે. આજે તામિળનાડુ, પુડ્ડીચેરી, કોડાઈકેનાલ, આ ઉપરાંત જમ્મૂના કેટલાક ભાગો ઉપરાંત મરાઠવાડા, તટિય આંધ્ર પ્રદેશમાં ભારે વરસાદની શક્યતા છે. તો જમ્મૂ કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પૂર્વીય ઉત્તરપ્રદેશ, કેરળ, માહે અને લક્ષદીપમાં ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

**MALAYSIA PM – INDIA**

મલેશિયાના પ્રધાનમંત્રી દાતો સેરી અનવર બિન ઇબ્રાહિમ આજથી ત્રણ દિવસના ભારત પ્રવાસે છે. આ તેમની પ્રથમ ભારત મુલાકાત છે. તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર સાથે મુલાકાત કરશે.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમા જણાવ્યું છે કે 2015માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મલેશિયા પ્રવાસથી બંને દેશો વચ્ચેના દ્વીપક્ષીય સંબંધોને વ્યૂહાત્મક દૃષ્ટિએ નવી ઉંચાઈઓ મળી હતી.

મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઇબ્રાહિમની મુલાકાતથી ભવિષ્ય માટે બહુક્ષેત્રીય સહકારના પરિપ્રેક્ષ્યમાં ભારત-મલેશિયા વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવાનો માર્ગ મોકળો બનશે.

**MID BREAK- NEWS- NATIONAL**

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

**AMARNATH YATRA**

અમરનાથ યાત્રાની આજે સવારે આસ્થા ભેર પૂર્ણાહૂતિ થઈ છે. જમ્મૂ ખાતે આકાશવાણી સંવાદદાતા સુનિલ કૌલ જણાવે છે કે ભગવાન શિવની પવિત્ર ગદા કે જેને "છડી મુબારક" કહેવામાં આવે છે તે આજે વહેલી સવારે દક્ષિણ કાશ્મીર હિમાલયમાં અમરનાથ ગુફામાં પહોંચી અને 43 દિવસની અમરનાથજી યાત્રાનો ઔપચારિક અંત આવ્યો.

29 વર્ષો પૂર્વે અમરનાથ યાત્રાનો પ્રારંભ થયો હતો. ઘણા વર્ષો બાદ આ વર્ષે આટલી મોટી સંખ્યામા શ્રદ્ધાળુઓએ અમરનાથ ગુફાના દર્શન કર્યા. સત્તાવાર આકંડાઓ પ્રમાણે આ વર્ષે અંદાજે 5 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ પવિત્ર ગુફા મંદિરની મુલાકાત લીધી અને ભગવાન શિવ સમક્ષ પોતાની આસ્થા પ્રગટ કરી.

**PREZ- RAKSHA BANDHAN**

આજે નાળિયેરી પૂર્ણિમાએ સમગ્ર દેશમાં રક્ષાબંધનનો તહેવાર ઉજવાઈ રહ્યો છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશના નાગરિકોને રક્ષાબંધનની શૂભેચ્છા પાઠવી છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ લખ્યું છે કે રક્ષાબંધન એ ભાઈ અને બહેન વચ્ચેના અનેખા સંબંધોની ઉજવણીનો તહેવાર છે, જે પરસ્પર પ્રેમ અને વિશ્વાસને મજબૂત બનાવે છે.

રાષ્ટ્રપતિએ કહ્યું, આ તહેવાર ધાર્મિક અને સાંસ્કૃતિક મર્યાદાથી આગળ વધીને દેશની વિવિધતામાં એકતાનું પ્રતિક છે. રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે, આ તહેવાર મહિલાઓના અધિકારોનું રક્ષણ કરવાના સંકલ્પને મજબૂત કરે છે.

**FSSAI - FOOD**

ભારતીય ખાદ્ય સુરક્ષા અને પ્રમાણ સંસ્થા - FSSAI એ ખાદ્ય પદાર્થોમાં માઇક્રો પ્લાસ્ટિક પ્રદૂષણની વધતી ચિંતાઓને જોતા નવી યોજના શરૂ કરી છે.

માઇક્રો પ્લાસ્ટિકના પ્રદૂષણને ઉભરતા જોખમ તરીકે જોતા વિવિધ ખાદ્ય ઉત્પાદનોમાં સૂક્ષ્મ અને નાના પ્લાસ્ટિકના ટુકડાઓને શોધવા વિશ્લેષણાત્મક રીતો વિકસીત કરવા આ યોજનાની શરૂઆત આ વર્ષે માર્ચમા કરાઈ હતી. જેનો હેતુ યોજનાના મુખ્ય ઉદેશ્યોમાં સૂક્ષ્મ અને નાના પ્લાસ્ટિક વિશ્લેષણ માટે જરૂરી પ્રોટોકોલ વિકસીત કરવું, અને વિવિધ પ્રયોગશાળાની તુલના અને ઉપભોક્તા પર માઇક્રો પ્લાસ્ટિકની અસરના સંભવિત આંકડાઓ એકત્ર કરવાનો છે.

**AMIT SHA COST GUARD**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ભારતીય તટરક્ષક દળના મહાનિદેશક રાકેશ પાલના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી શાહે લખ્યું છે કે તેઓ અનુકરણિય નેતૃત્વ ક્ષમતાઓથી સજ્જ અધિકારી હતા. તેમને દેશની દરિયાઈ સુરક્ષામાં તેમના અમૂલ્ય યોગદાન બદલ યાદ કરવામા આવશે.

**ASHWINI-VAISHNAW LATERAL-ENTRY**

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે સરકારી સેવામાં લેટરલ એન્ટ્રીથી ભરતી કરવા મામલે કૉંગ્રેસની ટિકાને અયોગ્ય ગણાવી છે. સંઘ લોક સેવા આયોગે કેન્દ્ર સરકારના મંત્રાલયોમાં સંયુક્ત સચિવ, નિદેશ, અને ઉપ-સચિવના 45 પદ પર ભરતી માટેહાલમાં જ જાહેરાત બહાર પાડી છે. વિપક્ષી દળ આ જાહેરાતની ટીકા કરી રહ્યા છે.

શ્રી વૈષ્ણવે સોશિયલ મીડિયા પર એક પૉસ્ટમાં કહ્યું, લેટરલ એન્ટ્રીનો અભિગમ કૉંગ્રેસ સરકારના કાર્યકાળમાં જ તૈયાર કરાયો હતો. તેમણે કહ્યું, વર્ષ 2005માં કૉંગ્રેસ નેતા વિરપ્પા મોઇલીના નેતૃત્વ હેઠળ વહીવટી સુધારણા પંચે નિષ્ણાતોની અછતને પૂર્ણ કરવા માટે આવી ભરતીની ભલામણ કરી હતી. રાષ્ટ્રીય લોકતાંત્રિક દળ – NDA સરકારે આ જ ભલામણને અમલમાં લાવવા પારદર્શક વ્યવસ્થા કરી છે. તેમ જ આ ભરતી સંઘ લોક સેવા આયોજના માધ્યમથી નિષ્પક્ષ રીતે કરાશે.

**BANGLADESH – ELECTION**

બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મુહમ્મદ યૂનુસે કહ્યું છે કે દેશમાં જરૂરી સુધારા બાદ ટૂંક સમયમાં સ્વતંત્ર, નિષ્પક્ષ અને લોકભાગીદારીથી ચૂંટણી યોજવામાં આવશે. ઢાકામાં રાજકીય નિષ્ણાતો સાથેની બેઠક બાદ મુહમ્મદ યૂનુસે કહ્યું કે બાંગ્લાદેશ ચૂંટણી પંચ, ન્યાયપાલિકા, નાગરિક વહીવટીતંત્ર, સુરક્ષા દળો અને મીડિયામાં મહત્વના સુધારાઓ બાદ સ્વતંત્ર, નિષ્પક્ષ ભાગીદારીથી ચૂંટણી કરાવશે. ડૉ. યૂનુસે કહ્યું કે કાયદો અને વ્યવસ્થા પર કાબુ મેળવવો – એ વચગાળાની સરકારની ટોચની પ્રાથમિકતા છે.

આ મહિનાની શરૂઆતમાં દેશ વ્યાપી હિંસક વિરોધ પ્રદર્શનો બાદ શેખ હસીનાએ પદ છોડવું પડ્યુ હતું. જે બાદ ડૉ. યૂનુસે વચાગાળાની સરકારના મુખ્ય સલાહકાર તરીકે શપથ લીધા હતા.